ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# પંચમહાલ-દાહોદ

ગુરુવાર ૪ સપ્ટેમ્બર ૨૦૨૫ | દાહોદ કાર્યાલય : સોનીવાડ, રાધાકૃષ્ણ મંદિર પાસે, દાહોદ. ફોન નં. 02673-243785 | ૭

## સંક્ષિપ્ત સમાચાર

### હસ્તેશ્વર મહાદેવ મંદિરથી કાચલાધામ સુધી રામાપીરની શોભાયાત્રા નીકળી



**લીમખેડા :** તેજાજી રામદેવ પીરની દશમી તિથિના દિવસે લીમખેડા હસ્તે સ્વર મહાદેવ મંદિરથી કાચલાધામ સુધી ૧૨ કિલોમીટર લાંબી બાબા રામાપીરની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી. અનંત શ્રી વિભુષિત મહામંડલેશ્વર સ્વામી શ્રી સેવાનદ ગીરીજી મહારાજની અધ્યક્ષતા હેઠળ લીમખેડાના પ્રાચીન હસ્તેશ્વર મહાદેવ મંદિર ખાતે ાથી અંદાજીત ૧૦ હજાર જેટલા ભાવિકભક્તો ઢોલ નગારા તથા ડી જે ના તાલે નાચતા કુદતા શોભાયાત્રા માં જોડાયા હતાં. લીમખેડા ખાતે ગુલાબચંદ શાહ તથા પરિવાર તરફથી ભાવિક ભક્તોને નાસ્તા સેવા પુરી પડાઈ હતી.

### ગોધરાના ઓરવાડા ગામ નજીક ધોરણ-૧૦ની વિધાર્થિનીનું અજાણ્યા વાહનની અડફેટે મોત



**ગોધરા :** ગોધરા તાલુકાના તરવડી ગામે રહેતી અને ઓરવાડાની કેવડીયા વંદના હાઈસ્કૂલમાં ધોરણ ૧૦માં અભ્યાસ કરતી એક વિધાર્થિનીનું અજાણ્યા વાહનની અડફેટે ઘટનાસ્થળે જ મોત નીપજ્યું છે. આ ઘટનાથી પરિવારમાં અને સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે. તરવડી ગામની હંસુમતીબેન તખતસિંહ બારીયા પોતાની શાળાએ જઈ રહી હતી. તે સમયે ઓરવાડા ગામ નજીક એક અજાણ્યા વાહન ચાલકે તેને અડફેટે લીધી હતી. અકસ્માત એટલો ભયંકર હતો કે હંસુમતીનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત થયું હતું.

### ગરબાડા પોલીસ મથકે શાંતિ સમિતિની બેઠક યોજવામાં આવી



**ગરબાડા :** ગરબાડા પોલીસ મથકે ગણપતિ વિસર્જન તથા ઈદના પાવન તહેવારોને અનુલક્ષીને શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠક પોલીસ ઇન્સ્પેક્ટર એસ.એમ. રાદડિયાની અધ્યક્ષતામાં મળી હતી.બેઠક દરમિયાન સર્વ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને આવનારા તહેવારોને શાંતિપૂર્ણ તથા સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં ઉજવાઈ શકે તે માટે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી. તહેવારો દરમિયાન કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે કડક સૂચનાઓ આપવામાં આવી હતી.

### પીંગળી ગામે રામદેવપીરના નેજા ચડાવી શ્રદ્ધાળુઓએ આરતીનો લ્હાવો લીધો



**કાલોલ :** પીંગળી ગામે રામદેવ યુવક મંડળ અને યુવા મિત્રો, ગ્રામજનો એવા ભાવિક ભક્તો દ્વારા દર વર્ષે ભાદરવા મહિના ના રામદેવપીર ના નોરતા ચાલતા હોય ત્યારે આ વર્ષે પણ રામદેવપીર ના નેજા ચડાવી ધજા રોહણ કરવામાં આવી હતી સમસ્ત ગ્રામજનો ડી. જે ના તાલે ભક્તિ ગીતો સાથે ગામ માં વરઘોડા માં જોડાયા હતા અને ઘરે ઘર સુધી મહાપ્રસાદ પહોચાડવા માં આવ્યો હતો ભક્તિ ગીતો અને ભજનો સાથે આ ગામ ની ખુબી એ છે કે અહી ક્ષેમ કલ્યાણી માતા નું મંદિર , પીરદાદાનું પ્રાચીન મંદિર આવેલું છે અને વીર ભાથીખત્રી મહારાજ એટલે ભાથીજી મહારાજ નું મંદિર અને પિંગ્લેશ્વર મહાદેવ મંદિર આવેલુ છે સાથે ગામ માં પ્રણામી મંદિર પણ આવેલું છે.

### કાલોલ જુમ્મા મસ્જીદના ખતીબો ઈમામ પોતાના પરિવાર સાથે મક્કા-મદીનાની યાત્રા રવાના



**કાલોલ :** કાલોલ નગરમાંથી જુમ્મા મસ્જીદના ખતીબો ઈમામ મોલાના સીબતૈનરઝા અશરફી સાથે તેમના માતાપિતા ઉપરાંત તેમના પત્ની અને બાળકો સાથે યાદગાર સફરમાં ભારે ઉત્સાહ અને ઉમંગભેર પેગંબર મોહંમદ (સ.અ.વ.)સાહેબના જન્મ દિન ના ૧૫૦૦ મી યૌમે વીલાદતના અનમોલ અવસર પર મીની હજયાત્રા (ઉમરા) માટે કાલોલથી પોતાના વતન પ્રાંતિજ થઇ વાયા અમદાવાદ થઈ વડોદરા શહેર સ્થિત ગૌષીયા ટ્રર એન્ડ ટ્રાવેલ્સ ની રાહબરી હેઠળ મદીના અને ત્યારબાદ મક્કા શરીફ રવાના થશે. મક્કા અને મદીના માટે મીની હજયાત્રા માટે જતા કાલોલના મુસ્લિમ સમાજ દ્વારા જુમ્મા મસ્જીદના ઇમામ સહિત અન્ય યાત્રિકોનું આજરોજ બપોરે નગરજનો દ્વારા તેઓને શુભેચ્છાઓ પાઠવી વિદાય આપી હતી.

---

તૂટેલા-ફૂટેલા રોડ રસ્તાઓનુ સમારકામ કરવા માંગ ઉઠી

## કાલોલ એમ.જી.એસ.નાળા અને સ્ટેશન રોડથી પીગળી ફાટક સુધીના રોડ ઉપર મોટા મોટા ખાડા

**વારંવાર રજૂઆત છતાં આ ખાડા પી.ડબ્લ્યુ.ડી ના અધિકારીઓ ધ્યાને લેતા નથી**



(પ્રતિનિધિ) કાલોલ, તા.3
કાલોલ શહેરમાં એમ.જી. એસ.હાઈસ્કુલ અને ડેરોલ સ્ટેશન ચોકડી ઉપર અસંખ્ય ખાડા પડી ગયેલ છે. જે કેટલાય સમયથી ટ્રાફીકના ઈસમોએ પણ જણાવેલ છે અને વારંવાર રજૂઆત છતાં આ ખાડા પી.ડબ્લ્યુ.ડી ના અધિકારીઓ ધ્યાને લેતા નથી.

કાલોલનો મુખ્ય રોડથી ડેરોલ સ્ટેશનથી પીંગળી ફાટક સુધી ખુબ જ મોટા મોટા ખાડા પડી ગયેલ છે. અને આખેઆખો રોડ પણ ધોવાઈ ગયેલ છે એવા ખાડા પડી ગયેલ છે ત્યારે મોટર સાયકલ, ફોર વ્હીલ જેવી ગાડીઓના વ્હિલ પણ છુડા પડી જાય તેમજ માણસના કમરના મણકા તેમજ ગાદી ખસી જાય તેવા ગંભીર ખાડા પડી ગયેલ છે જેથી,માનવતા રાખી તાત્કાલીક સરકારના સાધનોથી જેવા કે, જે.સી.બી કે અન્ય મટીરીયલ્સથી પુરાણ કરી તાત્કાલિક અસરથી સમારકામ હાથ ધરવામાં આવે જવાબદાર તંત્ર દ્વારા વાહનચાલકો તથા ગ્રામજનોની સમસ્યાઓ વહેલી તકે ઉકેલ લાવવામાં આવે તેવી માંગ કાલોલના એડવોકેટ પી.પી. સોલકી દ્વારા લેખીત રજુઆત નાયબ કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન વિભાગ કાલોલ તથા ગુજરાત સ્ટેટ માર્ગ અને મકાન કચેરી ગોધરાને ટપાલથી પણ જાણ કરેલ છે.

### ગોધરામાં બાબા રામદેવપીરની શોભાયાત્રા નીકળી

(પ્રતિનિધિ) ગોધરા, તા.3
ભાદરવા સુદ એકમથી શરૂ થયેલા બાબા રામદેવપીરના નોરતાની ગોધરામાં ભક્તિભાવપૂર્વક ઉજવણી કરવામાં આવી. સમસ્ત ક્ષત્રિય સરગરા યુવા સંગઠન અને સમાજના લોકો દ્વારા આ નોરતાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. નોરતાના પ્રથમ દિવસે, ભાદરવા સુદ એકમના રોજ ઉપવાસીઓએ ઉપવાસનો પ્રારંભ કર્યો હતો. ભાદરવા સુદ નોમના દિવસે નોરતાની પૂર્ણાહુતિ કરવામાં આવી. આ દિવસે ઉપવાસીઓએ બાબા રામદેવપીરની પૂજા-અર્ચના અને ધૂપ કરીને ઉપવાસ છોડ્યા હતા. આ પ્રસંગે મહાઆરતી અને ધ્વજારોહણનો કાર્યક્રમ પણ યોજાયો હતો. પૂજા-અર્ચના બાદ બાબા રામદેવ પીરની ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

7 ફૂટ લાંબો મગર રોડ પર આવી ચડ્યો

## શહેરાના નાંદરવા ગામે રસ્તા પર મગર દેખાતા લોકોમાં ભય



(પ્રતિનિધિ) ગોધરા, તા.3
પંચમહાલ જિલ્લામાં વરસાદે વિરામ લીધો છે, જેના કારણે જળાશયો અને તળાવો પાણીથી ભરાઈ ગયા છે. જેના પરિણામે, જળચર પ્રાણીઓ ઘણીવાર રહેણાંક વિસ્તારોમાં કે રસ્તાઓ પર આવી જતા હોય છે.

શહેરા તાલુકાના નાંદરવા ગામે આવો જ એક કિસ્સો સામે આવ્યો છે. જ્યાં એક વિશાળ મગર રસ્તા પર લટાર મારતો જોવા મળ્યો હતો.આ ઘટનાથી સ્થાનિક લોકોમાં ભય ફેલાયો છે. એક બાઈકચાલકે પોતાના મોબાઈલમાં આ મગરનો વીડિયો કેદ કર્યો હતો.જે સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ મગરની લંબાઈ અંદાજે ૭ ફૂટ હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે. ગામની દશા માતાજીના મંદિર પાછળ આવેલા તળાવમાંથી આ મગર શિકારની શોધમાં બહાર આવ્યો હોઈ શકે છે. આ તળાવની નજીક ખેતરો અને રહેણાંક મકાનો આવેલા હોવાથી લોકોમાં ચિંતા વધી.

### દાહોદમાં યાદવ ચાલમાં બિરાજમાન ઓપરેશન સિંદૂર થીમના ગણેશ પંડાલ બન્યા નગરજનોમાં આકર્ષણનું કેન્દ્ર








**દાહોદ :** મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્યભરમાં શ્રેષ્ઠ શ્રી ગણેશ પંડાલ પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું છે. સનાતન પ્રણાલીને પ્રોત્સાહિત આપવાનું આ પગલું રાજ્ય સરકાર દ્વારા જે શરૂ કરવામાં આવ્યું છે. જેને સૌ કોઈ પંડાલ આયોજકોએ સહર્ષ સ્વીકાર્યું છે. દાહોદ બસ સ્ટેશન સામે આવેલ યાદવ ચાલના આ ગણપતિ પંડાલની વિશેષતા વિશે વાત કરીએ તો, ભારત દેશના સૈનિકોએ જે રીતે પાકિસ્તાનના આતંકવાદીઓનો ખાતમો કર્યો છે એ વાતને ઉજાગર કરવા અને સૈન્યની શક્તિને સલામ કરવા માટે ઓપરેશન સિંદુરની થીમ જોડવામાં આવી છે. શ્રી યાદવ નવ યુવક મંડળ ના યુવાઓએ વડીલોની પ્રેરણા અને આશીર્વાદ થકી આ વર્ષે ઓપરેશન સિંદૂર થીમને મહત્વતા આપીને પંડાલમાં થીમ અનુરૂપ ઝાંખી પ્રસ્તુત કરવામાં આવી છે.

2025માં મનરેગા યોજના અંતર્ગત થયેલા કામો અને ખર્ચની વિગતો માંગી

## મનરેગા અને નલ સે જલ યોજનાની માહિતી નહી મળતા કોંગ્રેસ દ્વારા કાલોલ ટીડીઓને રજુઆત



(પ્રતિનિધિ) કાલોલ, તા.3
કાલોલ શહેર અને તાલુકા કોંગ્રેસ તથા જીલ્લા ના હોદ્દેદારો અને કાર્યકરો દ્વારા આજ રોજ કાલોલ તાલુકા પંચાયત કચેરી ખાતે ઈનચાર્જ ટીડીઓ ને રજુઆત કરવામાં આવી જેમા કાલોલ તાલુકા કોંગ્રેસ પ્રમુખ ભૂપેન્દ્રસિંહ ખેર દ્વારા જુલાઈ ૨૦૨૫ માં મનરેગા યોજના અંતર્ગત થયેલ કામો અને ખર્ચ ની વિગતો માંગેલ જે બાદ માહિતી નહી મળતા પુન: રિમાઈન્ડર લખવામાં આવ્યો છે ત્યારબાદ તાલુકા વિકાસ અધિકારી ને રૂબરૂ મુલાકાત કરી આજ રોજ રજૂઆત કરી મનરેગા અને નલ સે જલ યોજના મા ભારે ગેરવહીવટ ચાલી રહ્યો હોય કામ થયા વીના નાણા ઉપડી ગયા છે.તેમજ તાલુકા પંચાયત સદસ્ય ને પણ માહિતી આપવામાં આવતી નથી તેવી રજુઆત કરતા ઈનચાર્જ ટીડીઓ દ્વારા સાત દિવસમા માહિતી મળી જશે તેવી ખાતરી આપી હતી. સાત દિવસમાં જવાબ નહી મળે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી પણ ઉચ્ચારી છે.વધુમાં તાલુકા પંચાયત ખાતે પુરતો સ્ટાફ નહી હોવાથી કામ થતા નથી તથા બાકરોલ ગામે આંગણવાડી તોડી નાખ્યા બાદ હજુ સુધી નવીન આંગણવાડી બનાવી નથી બાળકો બીજાના ઓટલા ઉપર બેસીને ભણી રહ્યા છે જે અંગેની રજૂઆત રાજેન્દ્રસિંહ જાદવ, કાલોલ તાલુકા કોંગ્રેસ પ્રમુખ ભૂપેન્દ્ર ખેરસહિત વિવિધ 10 થી 12 જેટલા જુદાજુદા રાજકીય અગ્રણીઓ અને કાર્યકરો દ્વારા કરવામા આવી છે.

પોલીસે ફિલ્મી ઢબે પીછો કરી એસયુવી રોકી હતી

## જાંબુઘોડા પોલીસે એસયુવી કારમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો

(પ્રતિનિધિ) જાંબુઘોડા, તા.3
જાંબુઘોડા પોલીસે એક ખાનગી વાહનમાં પેટ્રોલિંગ દરમિયાન એક મહિન્દ્રા કંપનીની એક્સ યુ વી ગાડીમાંથી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. પોલીસને શંકાસ્પદ જણાતા ગાડીને રોકવાનો ઈશારો કર્યો હતો, પરંતુ ચાલકે ગાડી ભગાવી મૂકતા પોલીસે તેનો ફિલ્મી ઢબે પીછો કર્યો હતો. જાંબુઘોડાના કુંભારવાડા રોડ ઉપર પોલીસે મહિન્દ્રા ગાડી (નંબર GJ 03 JL 3218) ને રોકવા પ્રયાસ કરતા ચાલકે ઝડપ વધારી અને જાંબુઘોડા બજાર થઈને રામપુરા તરફ ભાગ્યો હતો. પોલીસની ટીમ પણ તેની પાછળ લાગી હતી. પીછો કરતા જોઈ ચાલકે ગાડીને કરા ગામ નજીક રોડની બાજુમાં ઊભી રાખી દઈ અને ઝાડી ઝાંખરાનો લાભ લઈ ભાગી છૂટ્યો હતો.

પોલીસે ગાડીની તપાસ કરતા ડ્રાઈવર સીટ અને તેની બાજુની સીટ નીચે બનાવેલા ગુપ્ત ખાનામાંથી બ્લેક એન્ડ વાઈટ બ્લેન્ડેડ સ્કોચ વિસ્કીની 180 મિલીની 99 બોટલો મળી આવી હતી. આ દારૂની કિંમત 57,618 આંકવામાં આવી છે.

સાંસદ જશવંતસિંહ ભાભોરના હસ્તે કાર્યક્રમ યોજાયો

## લીમખેડા ખાતે 4 કરોડ રૂપિયાની આધુનિક લાઈબ્રેરીનું ખાતમૂહુર્ત



(પ્રતિનિધિ) લીમખેડા, તા.3
લીમખેડા ખાતે ૪ કરોડ રૂપિયાની આધુનિક લાઈબ્રેરી નું દાહોદ જિલ્લા પંચાયતના પ્રમુખ તથા સાંસદ જશવંતસિંહ ભાભોરના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ખાત મુહુર્ત બાદ સાંસદ જસવંતસિંહ ભાભોરે જણાવ્યું હતું કે ગુજરાત રાજ્ય ના તમામ તાલુકા મથકો પર નવીન લાયબ્રેરી બનાવવા નાં રાજ્ય સરકાર દ્વારા ઐતિહાસિક પગલું ભરવાના કારણે લીમખેડા ખાતે રમત ગમત અને ખેલ સ્કુલ ખાતે ફાળવેલી જમીન પર રુપિયા ૪ કરોડના બે મંજીલા ગ્રંથાલયમાં ૨૦૦ વ્યક્તિ એક સાથે બેસીને વાંચન કરી શકે તેવી વ્યવસ્થા તથા ૩૦ હજાર કરતાં વધારે પુસ્તકો લાવી અધ્યતન સુવિધાઓ સાથેની નવીન લાયબ્રેરી બનશે.

## પાવાગઢ ખાતે પૂનમના દિવસે ચંદ્રગ્રહણ હોય મંદિરમાં દર્શનના સમયમાં ફેરફાર

(પ્રતિનિધિ) હાલોલ, તા.3
સુપ્રસિદ્ધ યાત્રાધામ તેમજ શક્તિપીઠ પાવાગઢ ખાતે પૂનમના દિવસે ચંદ્રગ્રહણ હોય મંદિરમાં દર્શનના સમયમાં ફેરફાર કરવા માં આવ્યો છે આ ઉપરાંત નિજ મંદિરના દ્વાર ભક્તોના દર્શનાર્થે બપોર બાદ બંધ થશે જે બીજા દિવસે સવારે ૬.૦૦ કલાકે ભક્તોના દર્શન સાથે ખુલ્લા મુકવામાં આવશે તેમ મંડી ટ્રસ્ટ દ્વારા જણાવાય રહ્યું છે.તા.૭.૯.૨૦૨૫ ને રવિવારના રોજ પૂનમના દિવસે ચંદ્રગ્રહણ હોય પાવાગઢ ડુંગર પર બિરાજમાન જગતજનની માં કાલિકા ના નીજ મંદિર માં દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. જે અંતર્ગત આરતી સવારે ૫.૦૦ કલાકે થશે ત્યારબાદ બપોરના ૧૨.૦૦ વાગ્યા સુધી નિજ મંદિરના દ્વાર ભક્તોના દર્શનાર્થે ખુલ્લા રાખવામાં આવશે જ્યારે બપોરે ૧૨.૦૦ વાગ્યા બાદ થી બીજા દિવસે એટલે કે તા.૮.૯.૨૦૨૫ ને સોમવારના રોજ સવારે રાબેતા મુજબ ૬.૦૦ કલાકે આરતી સાથે નીજ મંદિરના દ્વાર ભક્તોના દર્શનાર્થે ખુલ્લા મુકવામાં આવનાર હોવાનું મંદિર ટ્રસ્ટ દ્વારા જણાવી રહ્યું છે. જ્યારે તા.૭.૯.૨૦૨૫ ના રોજ મંદિરના શિખર પર બપોરે ૧૨.૦૦ કલાક બાદ ધજાજી આરોહણ થઈ શકશે.

ઝાલોદમાં પુલ અને રસ્તાઓની સુવિધાનો અભાવ

## પાણીના ઘસમસતા પ્રવાહમાંથી પસાર થતા શાળાના બાળકોના જીવ જોખમમાં



(પ્રતિનિધિ) દાહોદ, તા.3
ઝાલોદ ગામના વાંકોલ ગામના ખારાપાણી ફળીયામા પુલ અને રસ્તાઓ ની સુવિધાના અભાવે વિધાર્થી જીવના જોખમ ઉઠાવી ને સાળાએ જવા મજબૂર બન્યા છે દરરોજ શ્રી માધ્યમિક શાળા ડુંગરી ખાતે અભ્યાસ માટે જતા આ વિધાર્થીઓ એ ગા કોતર ના ઘસમસતા પાણી ના પ્રવાહ ને પાર કરવું પડે છે જેના કારણે તેમની સુરક્ષા માટે ગંભીર સવાલો ઉભા થયા છે શ્રી માધ્યમિક શાળા ડુંગરી માં વાકોલ ખારાપાણી ફળીયા ડુંગરી થાલા પીપળીયા અને કચુંબર ગામના કુલ 1149 વિધાર્થીઓ અભ્યાસ કરે છે એમાંથી વાંકોલ ગામના આશરે 300 વિધાર્થીઓ અને ખાસ કરીને ખારાપાણી ના 40 વિધાર્થીઓ ને શાળા એ પહોંચવા કાચા રસ્તા અને ગાગી કોતર ના ખતરનાખ પાણી ના પ્રવાહ માંથી પસાર થવુ પડે છે વિધાર્થીઓ એક બીજા ના હાથ પકડી માનવ સાકલ બનાવી પાર થવું પડે છે ઘણી વખત લપસી જવાની ઘટનાઓ પણ બની છે તાજેતર માં એક વીડિયો માં એક વિધાર્થી પાણી ના પ્રવાહ માં લપસી પડ્યો હતો જેને અન્ય વિધાર્થીઓ એ પકડી ને બચાવ્યો હતો વાલીઓ એ પુલ અને રસ્તાઓ બનાવવાની માગણી સ્થાનિક નેતાઓ અને વહીવટી તંત્ર ની આગળ અનેક વખત રજૂઆત કરી હતી પરંતુ આજ દિવસ સુધી કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી.

એક તરફ વહીવટીતંત્ર લોકો ને વરસાદ દરમ્યાન ઘસમસતા પાણી ના પ્રવાહ માથી ના પસાર થવાની સલાહ આપે છે ત્યારે બીજી તરફ વિધાર્થીઓ આવા ખતરનાક પ્રવાહ માંથી પસાર થઈને સાળાએ જવા મજબૂર છે ત્યારે તંત્ર આ વિશે કંઈક વિચારે તે જરૂરી છે.

### પંચમહાલ જિલ્લામાં તા.૭મી સપ્ટેમ્બરના રોજ યોજાનાર GPSC ની પરીક્ષા

**ગોધરા :** પંચમહાલ જિલ્લામાં તા.૦૭/૦૯/૨૦૨૫ રવિવારના રોજ GPSC ની નાયબ સેક્શન અધિકારી અને નાયબ મામલતદાર વર્ગ-૩ ની પરીક્ષા યોજાનાર છે. જે અંતર્ગત જિલ્લા કલેકટર કચેરી,ગોધરાના સભાખંડ ખાતે ઉકત પરીક્ષાના યોગ્ય આયોજન અને અમલીકરણ અંગેની બેઠક યોજાઈ હતી.

બેઠકમાં પરીક્ષાને અનુલક્ષીને પરીક્ષાના આયોજન અંગે, પરીક્ષા સબંધે થયેલ તૈયારીની રૂપરેખા, વિદ્યાર્થીઓની સંખ્યા, બ્લોક વ્યવસ્થા વગેરે, પરીક્ષા સ્થળો પર સીસીટીવી કેમેરાની વ્યવસ્થા અંગે, કાયદો અને વ્યવસ્થાના અમલીકરણ, પરીક્ષા સમય દરમિયાન વીજ પુરવઠાની વ્યવસ્થા, પરીક્ષા સ્થળે જરૂરી અન્ય સુવિધા, વાહન વ્યવહારની સુવિધા સહિત વિવિધ તૈયારીની સમીક્ષા કરી સબંધિત અધિકારીઓને માર્ગદર્શક સૂચનો આપવામાં આવ્યા હતા.

**જાહેર નોટિસ** | એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં

કેસ.નં.૨૫૮/૨૦૨૫ — તા.૨૫/૦૮/૨૦૨૫

**અરજદાર: બામણ્યા નરસીંગભાઈ મલજીભાઈ, રહે.નળવાઈ, તા.ગરબાડા, જિ.દાહોદ**
**સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી,નળવાઈ, તા.ગરબાડા, જિ.દાહોદ**
**જન્મ મરણ અધિનિયમ કલામ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.**

આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી બામણ્યા નરસીંગભાઈ મલજીભાઈ ની પુત્રી નામે (૧) બામણીયા અંજલીબેન નરસીંગભાઈ નો જન્મ તા.૨૧/૦૩/૨૦૦૧ નારોજ ગામ.નળવાઈ,તા.ગરબાડા, જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ અરજદારના પુત્રીના જન્મ થયેલ ત્યારે અરજદાર ધ્વારા જન્મની નોંધણી તલાટી કમ. મંત્રીશ્રી,નળવાઈ,તા.ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રના જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતાં વળગતા જે કોઈ ઈસમને વાંધો વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ ધ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ : ૨૫/૦૮/૨૦૨૫ — એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડા

**જાહેર નોટિસ** | એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડાની કોર્ટમાં

કેસ.નં.૩૩૭/૨૦૨૫ — તા.૨૫/૦૮/૨૦૨૫

**અરજદાર: પલાસ જોખાભાઈ સીસ્કાભાઈ, રહે.અભલોડ, તા.ગરબાડા, જિ.દાહોદ**
**સામાવાળા: તલાટી કમ મંત્રીશ્રી, અભલોડ, તા.ગરબાડા, જિ.દાહોદ**
**જન્મ મરણ અધિનિયમ કલામ : ૧૩(૩) મુજબની જન્મની નોંધણી કરવા બાબત.**

આથી તમામ લાગતા વળગતા ઈસમોને જણાવવામાં આવે છે કે, અત્રેની કોર્ટના અરજદારશ્રી પલાસ જોખાભાઈ સીસ્કાભાઈ ના પુત્ર નામે (૧) પલાસ નરવતભાઈ જોખાભાઈ' નો જન્મ તા.૧૮/૦૩/૧૯૯૩ના રોજ ગામ.અભલોડ,તા.ગરબાડા,જિ.દાહોદ મુકામે તેઓના નિવાસ સ્થાને થયેલ છે, જે અરજી અને સોગંદનામાથી જાહેર કરેલ છે. અરજદારના પુત્રના જન્મ થયેલ ત્યારે અરજદાર ધ્વારા જન્મની નોંધણી તલાટી કમ મંત્રીશ્રી,અભલોડ,તા.ગરબાડા, જિ.દાહોદ ના જન્મ મરણ નોંધણી રજીસ્ટરમાં નોંધ કરાવેલ નથી. તેથી સદરહુ અરજદારને તેમના પુત્રનારરી કાડા(ભીલવા) જન્મના દાખલાની જરૂરિયાત હોઈ અરજદાર જન્મ મરણ અધિનિયમની કલમ નં:૧૩(૩) મુજબ અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરની અરજી દાખલ કરેલ છે. જેથી ઉપરોક્ત બાબતે લાગતા વળગતા જે કોઈ ઈસમને વાંધો, વિરોધ યા તકરાર હોય તો તેઓએ દિન ૧૫ (પંદર) માં કે. પહેલા જાતે યા વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટ સમક્ષ હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો અરજદારની ઉપરોક્ત અરજી બાબતે નામદાર કોર્ટ ધ્વારા યોગ્ય હુકમ કરવામાં આવશે જે અંગે નોંધ લેશો.

તારીખ : ૨૫/૦૮/૨૦૨૫ — એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ અને મામલતદાર ગરબાડા